# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે સમગ્ર વિશ્વ ભારતને એક વિશ્વસનીય, જવાબદાર અને મજૂબત ભાગીદાર તરીકે નિહાળે છે.

2) સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે લખનૌમાં બ્રહ્મોસ મિસાઇલોના પ્રથમ બેચને લીલી ઝંડી આપશે.

3) પાકિસ્તાને અફઘાનિસ્તાન સાથેના 48 કલાકના યુદ્ધવિરામને ભંગકરી - હવાઈ હુમલો કરતાં બે બાળકો સહિત છના મોત.

4) ભાગેડુ મેહુલ ચોક્સીના ભારત પ્રત્યાર્પણનો કાયદાકીય માર્ગ મોકળો.

5) ભારતના સાત્વિક સાંઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ડેનમાર્ક ઓપન બેડમિન્ટન પૂરૂષ ડબલ્સની સેમિફાઇનલમાં.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, આજે આખી દુનિયા ભારતને એક વિશ્વસનીય, જવાબદાર અને મજબૂત ભાગીદાર તરીકે જુએ છે. ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં એક ખાનગી મીડિયા હાઉસ દ્વારા યોજાયેલા વિશ્વ સમિટમાં બોલતા, શ્રી મોદીએ કહ્યું કે, ઇલેક્ટ્રોનિક્સથી ફાર્માસ્યુટિકલ્સ અને ઓટોમોબાઇલ્સથી મોબાઇલ ઉત્પાદન સુધી, ભારતમાં રોકાણનો પ્રવાહ વહેતો થઈ રહ્યો છે. તેમણે તાજેતરના EFTA વેપાર કરારને ઉદાહરણ તરીકે ટાંકીને કહ્યું કે આ કરાર હેઠળ યુરોપિયન દેશોએ ભારતમાં 100 અબજ ડોલરના રોકાણો પ્રતિબદ્ધ કર્યા છે. તેમણે કહ્યું કે, આનાથી મોટા પાયે રોજગારીનું સર્જન થશે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત આજે અટકવાના મૂડમાં નથી અને ન તો ઊભું રહેશે, ન તો ધીમું પડશે, તેમણે ઉમેર્યું હતું કે ૧૪૦ કરોડ ભારતીયો સંપૂર્ણ ગતિ સાથે આગળ વધશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ચિપ્સથી લઈને જહાજો સુધી, તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભર ભારતનો વિશ્વાસ સ્પષ્ટ દેખાય છે. આતંકવાદી હુમલાઓ પછી ભારત હવે મૌન રહેતું નથી, તેના બદલે, તે સર્જિકલ સ્ટ્રાઈક, હવાઈ હુમલા અને સિંદૂર જેવા ઓપરેશન દ્વારા નિર્ણાયક રીતે પ્રતિક્રિયા આપે છે.

(BYTE: PM-MODI-ON-INVESTMENT)

# RAJNATH BRAHMOS-UP

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે લખનૌમાં બ્રહ્મોસ એરોસ્પેસ સુવિધા ખાતે ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઇલોના પ્રથમ બેચને લીલી ઝંડી આપશે.

લખનૌમાં બ્રહ્મોસ સુવિધા ઉત્તર પ્રદેશ સંરક્ષણ કોરિડોરમાં પ્રથમ કેન્દ્ર છે જ્યાં મિસાઇલ સિસ્ટમ ઉત્પાદનથી લઈને અંતિમ પરીક્ષણ સુધીની સમગ્ર પ્રક્રિયા સ્વદેશી રીતે હાથ ધરવામાં આવે છે. સમારોહ દરમિયાન, સંરક્ષણમંત્રી અને મુખ્યમંત્રી બૂસ્ટર બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે અને બૂસ્ટર ડોકીંગ પ્રક્રિયાના સાક્ષી બનશે. એરફ્રેમ અને એવિઓનિક્સ સિસ્ટમ્સ, વોરહેડ બિલ્ડિંગમાં પ્રી-ડિસ્પેચ નિરીક્ષણ અને બ્રહ્મોસ સિમ્યુલેટર પર પણ પ્રસ્તુતિ કરવામાં આવશે.

## GST- TAMIL NADU

GST બચત મહોત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે. આજે અમે GST સુધારાઓ તમિલનાડુના અર્થતંત્રને કેવી રીતે વેગ આપી રહ્યા છે તેનો અહેવાલ રજૂ કરીએ છીએ.

(V/C- ARZOO-GST)

## BSNL DIWALI OFFER

ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL)એ તહેવારો દરમિયાન દેશભરના નવા ગ્રાહકો માટે એક રૂપિયામાં દિવાળી 4G પ્લાન લોન્ચ કર્યો છે. આ પ્લાન 15 ઓક્ટોબરથી 15 નવેમ્બર સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન, ત્રીસ દિવસ માટે મફત મોબાઇલ સેવા પૂરી પાડવામાં આવશે જેમાં અમર્યાદિત કોલ્સ, દરરોજ 2 GB ડેટા અને 100 SMSનો સમાવેશ થાય છે.

આ પ્લાનની જાહેરાત કરતા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એ. રોબર્ટ જે. રવિએ જણાવ્યું હતું કે આ એક રૂપિયાનો પ્લાન લોકોને આ અત્યાધુનિક અને મેક ઇન ઇન્ડિયા 4G નેટવર્કનો અનુભવ કરાવવામાં મદદ કરશે. આ ઉપરાંત, BSNL એ વિવિધ ગ્રાહકો માટે પાંચ અલગ અલગ પ્લાન લોન્ચ કર્યા છે.

## AFGHANISTAN-PAKISTAN AIRSTRIKE

અફઘાનિસ્તાનના દક્ષિણ પૂર્વીય પક્તિકા પ્રાંતમાં પાકિસ્તાને કરેલા હવાઈ હુમલામાં બે બાળકો સહિત છ લોકો માર્યા ગયા અને સાત અન્ય ઘાયલ થયા. આ ઘાતક હુમલા એવા સમયે થયા જ્યારે બંને દેશો વચ્ચે 48 કલાકનો યુદ્ધવિરામ કરાર થયો છે.

આ હવાઈ હુમલાઓમાં અર્ગુન અને બારમલ જિલ્લાઓમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવ્યા હોવાના અહેવાલ છે, જેના પરિણામે મોટી સંખ્યામાં નાગરિકોના મોત થયા છે. અગાઉ, પાકિસ્તાને તણાવ ઘટાડવા અને સરહદ પાર હિંસા અટકાવવાના હેતુથી ચાલી રહેલી દોહા વાટાઘાટોના અંત સુધી યુદ્ધવિરામ લંબાવવાની હાકલ કરી હતી. બંને પક્ષો વચ્ચે આજથી વાટાઘાટો શરૂ થવાની છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MEHUL CHOKSI EXTRADITION

**બેલ્જિયમની એક કોર્ટે 13 હજાર કરોડના પંજાબ નેશનલ બેંક છેતરપિંડી કેસમાં ભાગેડુ મેહુલ ચોક્સીને ભારત પ્રત્યાર્પણ કરવાની મંજૂરી આપી છે. ચોક્સી છેતરપિંડી, ગુનાહિત કાવતરું અને ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહ્યો છે.**

**સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) ની પ્રત્યાર્પણ વિનંતી બાદ 11 એપ્રિલે બેલ્જિયમ પોલીસે મેહુલ ચોક્સીની ધરપકડ કરી હતી. ત્યારથી તે કસ્ટડીમાં છે, અને તેના ભાગી જવાના ડરને કારણે તેની ઘણી જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી છે.**

**હાલની સુનાવણી દરમિયાન, બેલ્જિયમના ફરિયાદીઓએ ભારતના કેસને ટેકો આપ્યો હતો, જ્યારે ચોક્સીની કાનૂની ટીમે આ પગલાનો વિરોધ કર્યો હતો. કોર્ટે પુષ્ટિ આપી હતી કે છેતરપિંડી, ગુનાહિત કાવતરું અને ભ્રષ્ટાચાર સહિતના તમામ આરોપો પણ બેલ્જિયમના કાયદા હેઠળ માન્ય છે.**

ચોક્સી પાસે હવે બેલ્જિયમની સુપ્રીમ કોર્ટમાં નિર્ણય સામે અપીલ કરવા માટે 15 દિવસનો સમય છે. જો અપીલ નિષ્ફળ જાય અથવા દાખલ ન થાય, તો તેની ભારત પરત ફરવાની પ્રક્રિયા ચાલતી રહેશે.

## BADMINTON

ભારતના સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ડેનમાર્ક ઓપન બેડમિન્ટન પૂરૂષ ડબલ્સની સેમિફાઇનલમાં પહોંચી ગયા છે. ભારતીય જોડીએ ગઈકાલે રાત્રે ઓડેન્સમાં ક્વાર્ટર-ફાઇનલ મેચમાં મુહમ્મદ રિયાન આર્ડિયાન્ટો અને રહેમત હિદાયતની બિનક્રમાંકિત ઇન્ડોનેશિયન જોડીને 21-15, 18-21, 21-16 થી હરાવી હતી. આ જોડી આજે સેમિફાઇનલમાં જાપાનની જોડીનો સામનો કરશે.

દરમિયાન, ભારતના લક્ષ્ય સેન પૂરૂષ સિંગલ્સની ક્વાર્ટર-ફાઇનલમાં ફ્રાન્સના સાતમા ક્રમાંકિત એલેક્સ લેનિયર સામે 9-21, 14-21 થી હારી જતાં ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા હતા.

## DUBAI-GLOBAL VILLAGE

દુબઈના અગ્રણી બહુસાંસ્કૃતિક મનોરંજન સ્થળ ગ્લોબલ વિલેજની 30મી આવૃત્તિનો પ્રારંભ કર્યો. આ ઉદ્ઘાટન સમારોહ રંગબેરંગી વિશ્વ પરેડ સાથે શરૂ થયો, જેમાં "રેટ્રુમ્બર" સ્ટ્રીટ ડ્રમર્સ અને તમામ 30 પેવેલિયનના પ્રતિનિધિઓ હાજર રહ્યા.

આ વર્ષની આવૃત્તિમાં 90 થી વધુ સંસ્કૃતિઓ, 3500થી વધુ શોપિંગ આઉટલેટ્સ અને 250થી વધુ વિવિધ પ્રકારના ખોરાકનો સમાવેશ થયો છે. આ

કાર્યક્રમમાં 450 આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા 450 પ્રદર્શન રજૂ કરવામાં આવશે અને 200થી વધુ રાઇડ્સનો ત્યાં આવતા લોકો અનુભવ કરશે.

ગ્લોબલ વિલેજ 1997માં તેની સ્થાપના પછીથી દસ કરોડથી વધુ મુલાકાતીઓનું સ્વાગત કરી ચૂક્યું છે.

## ALLOCATION OF ACCOUNTS

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે ગાંધીનગરમાં નવા મંત્રીમંડળ સાથે બેઠક યોજાઈ હતી. તેમાં મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી છે.

સત્તાવાર યાદી મુજબ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને ગૃહ, પોલીસ હાઉસિંગ, જેલ, સરહદ સુરક્ષા, ગૃહ રક્ષક દળ સહિતના વિભાગ, કનુ દેસાઈને નાણા વિભાગ, જિતેન્દ્ર વાઘાણીને કૃષિ અને મત્સ્યોદ્યોગ સહિતના વિભાગ, ઋષિકેશ પટેલને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કુંવરજી બાવળિયાને શ્રમ, કૌશલ્ય વિકાસ, નરેશ પટેલને આદિજાતિ વિકાસ, અર્જૂન મોઢવાડિયાને વન અને પર્યાવરણ, ડૉક્ટર પ્રદ્યુમન વાજાને સામાજિક ન્યાય અને સશક્તિકરણ, શિક્ષણ અને રમણ સોલંકીને ખાદ્ય, અન્ન પૂરવઠા અને ગ્રાહક બાબતનો વિભાગ સોંપવામાં આવ્યા.

આ ઉપરાંત ઈશ્વરસિંહ પટેલ, પ્રફૂલ  અને ડૉક્ટર મનીષા વકીલને રાજ્ય કક્ષાનો સ્વતંત્ર હવાલો સોંપાયો છે.

જ્યારે પરષોત્તમ સોલંકી, કાંતિલાલ અમૃતિયા, રમેશ કટારા, દર્શના વાઘેલા, કૌશિક વેકરિયા, પ્રવિણ માળી, ડૉક્ટર જયરામ ગામિત, ત્રિકમ છાંગા,

કમલેશ પટેલ, સંજયસિંહ મહિડા, પૂનમચંદ બરંડા, સ્વરૂપજી ઠાકોર અને રિવાબા જાડેજાને રાજ્યમંત્રી બનાવાયા છે.

---

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોએ રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણના સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે.
- દિવ્ય ભાસ્કરનું મુખ્ય શીર્ષક છે- નૂતન હર્ષાભિનદંન.. હર્ષ રાજ્યના બીજા યુવા નાયબ મુખ્યમંત્રી;31 વર્ષ પછી ડેપ્યુટી સી. એમ પાસે ગૃહ
- ફૂલછાબ લખે છે- 25 ચહેરા પર હર્ષ,સંઘવી ઉપમુખ્યમંત્રી
- નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે- દાદાની નવી ટીમ 10 કેબિનેટ,16 રાજ્ય મંત્રી: સંઘવી ડેપ્યુટી સી. એમ
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે- સિયાસી સર્જરી:સંઘવી ઉપ મુખ્યમંત્રી,રિવાબ સમેત 21 મંત્રીઓને લી શપથ
- તમામ કેસોમાં સીબીઆઈ તપાસનો આદેશ આપી ના શકાય:સુપ્રીમ આ સમાચારને ગુજરાત સમચારે પહેલા પાને સ્થાન આપ્યું છે.